ફોન:
220228 /230068
230808 /221347
E-mail : dptco123@gmail.com
Website : http://dpthakker.com/

ડી.પી. ઠક્કર એન્ડ કું.
ડી.પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલટન્ટસ
શ્રી કુંજ.સ્ટેશનરોડ,પાટણ

---

તારીખ: ૨૮-૦૨-૨૦૨૩

ભાઈશ્રી,

ચાલું નાણાકીય વર્ષ સને ૨૦૨૨/૨૩ ના હિસાબી વર્ષનો ઈન્કમટેક્ષ એડવાન્સ ટેક્ષ નો છેલ્લો હપ્તોતારીખ ૧૫/૦૩/૨૦૨૩ સુધીમાં ભરવાનો છે. જે અંગેની ઉપયોગી માહિતી નીચે મુજબ છે.

(૧) વ્યક્તિ, HUF, ભાગીદારી પેઢી, L.L.P, કંપની વગેરેને તેમની ચાલુ વર્ષ ની અંદાજીત આવક ઉપરના ભરવાપાત્ર ટેક્ષમાંથી T.D.S / T.C.S બાદ કર્યા પછી જો રૂ.૧૦૦૦૦/- થી વધુ ઈન્કમટેક્ષ ભરવાનો થતો હોય તો તે ટેક્ષ એડવાન્સ ટેક્ષ સ્વરૂપે ભરવો પડે આ રીતે ભરવાપાત્ર ટેક્ષ માંથી ચાલુ વર્ષમાં ભરેલ એડવાન્સ ટેક્ષ બાદ કરીને બાકીના ટેક્ષ હવે ભરવાનોછે.

(૨) અંગત તથા HUF ને નીચે મુજબ ની આવક માફ છે.

(૧) ૬૦ વર્ષની ઉંમર સુધીની વ્યક્તિ ને તથાHUF ને રૂ. ૨,૫૦,૦૦૦/- સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૨) ૬૦ થી વધુ અને ૮૦ વર્ષ સુધીની વ્યક્તિને રૂ.૩૦૦,૦૦૦/- સુધીની આવક ટેક્ષ ફ્રીછે.

(3) સુપર સીનીયર સીટીઝન- જેમની ઉંમર ૮૦ વર્ષથીવધુ છે.તેમને રૂ .૫ લાખ સુધીની આવક ટેક્ષ ફ્રી છે.

(૪) વ્યક્તિ તથા HUF ને તેમની કુલ આવક માંથી બાદ મલવાપાત્ર ડીડકશન જેવા કેLIC, PPF, મેડિકલેમ પ્રીમિયમ, પગાર માંથી બાદ મળતું રૂ.૫૦૦૦૦/- નું સ્ટાન્ડર્ડ ડીડકશન, ભાડાની આવક માંથી મલતું ૩૦% નું ડિડકશન વિગેરે બાદ કર્યા પછી નેટ આવક રૂ. ૫ લાખ કે તેનાથી ઓછી રહેતી હોય તો કોઈ ઈન્કમટેક્ષ ભરવો પડે નહિ પણ નેટ આવક રૂ.૫,૦૦,૦૦૦/- થી વધુ હોય તો સ્લેબ રેટ પ્રમાણે ટેક્ષ લાગે. H.U.F.ના કેસમાં રૂ! ૨,૫૦,૦૦૦/ જ બાદ મલે છે એટલે તેનાથી વધારે આવક હોય તો સ્લેબ રેટ પ્રમાણે ટેક્ષ લાગે.

(૩) અંગત તથા HUF ને આવકમાંથી મુખ્યત્વે નીચેના ડીડકશન બાદ મલે :

(૧ ) LIC, PPF, NSC, ટેક્ષ સેવર F.D, હાઉસીંગ લોનનો હપ્તો, બે બાળકોની ટ્યુશનફી (ફક્ત અંગત ને), સુકન્યા સમૃદ્ધિ સ્કીમ, ટેક્ષ સેવર મ્યુચ્યુઅલ ફંડ વગેરેમાં કરેલ રોકાણ રૂ.૧૫૦,૦૦૦/- સુધી.

D.P.THAKKER AND CO

(૨) કોઈપણ અંગત વ્યક્તિએ નેશનલ પેન્શન સ્કીમમાં રૂ.૫૦૦૦૦/- સુધીનું રોકાણ કરેલ હોય તો તે રૂ. ૧,૫૦,૦૦૦/- ઉપરાંત માં બાદ મળે.

(૩) મેડિકલેમ ઈન્સ્યોરન્સ રૂ.૨૫ ,૦૦૦/- સુધી તથા સીનીયર સીટીઝનને રૂ.૫૦૦૦૦/- સુધી

(૪) હેલ્થ ચેક-અપનો ખર્ચ રૂ. ૫,૦૦૦/- સુધી.

(૫) સીનીયર સીટીઝન વ્યક્તિ કે તેના સીનીયર સીટીઝન ફેમેલી મેમ્બર કે પેરેન્ટ્સ કે જેમનું મેડિકલેમ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ ભરેલ ના હોય તો તેમની મેડિકલ ટ્રીટમેન્ટનો ખર્ચ રૂ.૫૦૦૦૦/- સુધી બાદ મળશે.

(૬) 80- G ધરાવતી ચેરીટેબલ સંસ્થા ને આપેલા ડોનેશનના ૫૦% રકમ (નેટઆવકની ૧૦% ની મર્યાદામાં) બાદ મલે પરંતુ રૂ.૨,૦૦૦/-થી વધુ રકમનું ડોનેશનચેક થી આપેલ હશે તો જ બાદ મલે.

(૪) અંગત તથા HUF ને જો નવી ટેક્ષ સ્કીમમાં રીટર્ન ભરવું હોય તો તેમને કલમ80C, 80D, 80G, 80U, વિગેરે કોઈ ડીડકશન બાદ મલે નહિ વધુમાં પગારમાંથી ૫૦૦૦૦/- નું સ્ટાન્ડર્ડ ડીડકશન તથાહાઉસીંગ લોન નું વ્યાજ બાદ ન મલે. અને તેના બદલામાં ૫ લાખથી ૧૫ લાખની આવક સુધી ટેક્ષના ઓછા દરનો લાભ મલે.

(૫) ભાગીદારી પેઢીને તથાLLP ને ધંધાના બધા ખર્ચા, ભાગીદારોની મૂડીનું વ્યાજ તથા વર્કીંગ પાર્ટનરોનો પગાર બાદ કર્યા પછી જે નેટ નફો વધે તેના ઉપર ૩૧.૨૦% પ્રમાણે ઈન્કમટેક્ષ લાગેઅંગત તથા HUF ના ઈન્કમટેક્ષ ના રેગ્યુલર તથા નવા ટેક્ષ રેટ અમારા તારીખ ૦૧-૦૬-૨૦૨૨ ના એડવાન્સ ટેક્ષ માટેના સરક્યુલર માં લખેલા છે. જે અમારી websitethakker.com ઉપર પણ જોઈ શકાશે.

(૬) એટલે દરેક વેપારીએ પોતાની પેઢીની/કંપનીની તથા ભાગીદારોની /ડાયરેક્ટરો ની ચાલુ વર્ષની અંદાજીત આવકી તથા બાદ લેવાના ડીડકશન તથા મજરે લેવાનીTDS અને ચાલુ વર્ષમાં ભરેલ એડ્વાન્સટેક્ષ ની માહિતી અમને તુરંત મોકલવી જેથી તેનાઉપરથી ભરવાપાત્ર એડવાન્સ ટેક્ષના છેલ્લા હપ્તાના ચલણોસમયસર મોકલી શકાય.

(૭) જેમણે ચાલુ વર્ષમાં એડ્વાન્સ ટેક્ષના હપ્તા ભરેલા હોય અને તે મુજબ હવે છેલ્લો હપ્તો ભરવો હોય તેમણે પણ અમને ફોન થી કે e-mail થી જાણ કરવી જેથી તે પ્રમાણે ચલણો મોકલી શકાય

લી.

ધીરૂભાઈ- કનુભાઈ

પિયુષભાઈ- નિખિલભાઈ

D P THAKKER AND CO